સામાન્ય લોકો ઈશ્વરમાં અતૂટ શ્રધ્ધા ધરાવે છે. અનેક તકલીફોનો સામનો કરતા સામાન્ય પ્રજાજનો માટે ઈશ્વર જ એક તારણહાર બની રહે છે. પરંતુ તેમની આ લાગણીનો દુરઉપયોગ કરતા લોકો પણ આ સમાજમાં જ જોવા મળે છે. લોડીંગ રીક્ષામાં મંદિર બનાવી તેને સેકટરે સેકટરે ફેરવી પૈસા ઉઘરાવતી ટોળકી જોવા મળી રહી છે. આસ્થાના નામે તેઓ સારી એવી રકમ એકત્ર કરી લે છે.

શહેરના એમડી ડ્રગ્સ કેસમાં મુખ્ય સુત્રધાર ઝડપાયો

એસઓજી પોલીસે નિહાલ સાલ્વીને મોટેરાથી ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૧

તાજેતરમાં શહેરમાં રૂ.૭.૪૭ લાખનો એમડી ડ્રગ્સનો જથ્થા સાથે એક યુવકને એસઓજી પોલીસે ઝડપી પાડ્યો હતો. ત્યારે ગાંધીનગરના યુવકને ડ્રગ્સ આપનાર મુખ્ય સુત્રધાર મોટેરાના નિહાલ સાલ્વીને એસઓજી પોલીસે તેના ઘરેથી દબોચી પાડ્યો છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડ્રગ્સ કેસના મુખ્ય સુત્રધાર નિહાલ સાલ્વીને કોર્ટમાં રજુ કરતા સરકારી વકીલ દ્વારા યુવાધનને બરબાદ કરતા આરોપી સામે તપાસ કરવા માટે ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી. જેની સામે કોર્ટે આરોપી નિહાલ સાલ્વીના તા.૨૭ સુધીના રીમાન્ડ મંજુર કર્યા છે.પોલીસની પ્રાથમિક પુછતાછમાં તો નિહાલ સાલ્વી રીઢો ગુનેગાર હોવાથી કંઈ બોલવા માટે તૈયાર નથી.

જયારે અગાઉ ઝડપાયેલા સે-૨ ના યુવક રૂષિક દવે સાથે પોલીસ દ્વારા ગ્રાહકોનું ક્રોસ વેરીફિકેશન થઈ રહ્યું છે. શહેરમાં એમડી ડ્રગ્સ કોને કોને આપ્યું છે કે આપતો હતો તે દિશામાં પોલીસે તપાસ શરુ કરી છે. ઉલ્લેખનીય છે કે એસઓજી પોલીસે ગ-૦ થી ઘ-૦ તરફના માર્ગ પરથી સેકટર-૨ સી ખાતે રહેતા રૂષીક દવે નામના યુવકે પકડી પાડ્યો હતો. આ યુવક પાસેથી પોલીસને એમડી ડ્રગ્સની ૧૫૧ ટેબ્લેટ મળી આવી હતી. ડ્રગ્સ, મોબાઈલ અને કાર મળી કુલ રૂ.૧૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી એસઓજી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખૂણેખાંચરેથી

- આજે કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીતભાઈ શાહનો આજે જન્મ દિવસ છે તેઓ સોમનાથ મંદિરના દર્શન કરવા જવાના છે.
- રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળે આપેલ વર્ક ટુ રૂલના એલાનને પગલે રાજયભરમાં મહેસુલી કર્મચારીઓ આજથી તેમાં જોડાયા છે.
- શુક્વારે ઔડાની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની વર્ચ્યુઅલ બેઠક યોજાશે.
- માહિતી કમિશનરની કચેરીમાં ફરજો બજાવતા ત્રણ નાયબ માહિતી નિયામકો ત્રણ દિવસમાં સંક્રમિત થયા છે. હિરેન ભટ્ટ, પલ્લવ પટેલ અને મિનેશ પટેલ કોરોનાથી સંક્રમિત થયા છે.
- આજે કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સ્વાગત કાર્યક્રમ દ્વારા પ્રજાના પ્રશ્નોના ઉકેલની કામગીરી થશે. આ માટે અગાઉથી પ્રશ્નો રજુ થયા હોવા જોઈએ.
- આજે મહિલા અને બાળ વિકાસ કમિશનરે વિડીયો કોન્ફરન્સ થકી વિવિધ યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરી હતી.
- ગાંધીનગરના જાણીતા પેથોલોજીસ્ટ અને કલ્ચરલ ફોરમના અગ્રણી મહેન્દ્રભાઈ ગજજર કોરોનાથી સંક્રમિત થયા છે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.
- અખબારભવનમાં મેનેજર તરીકે ફરજો બજાવતા પિયુષભાઈ વ્યાસના પિતાશ્રીનું દુઃખદ અવસાન થયુ છે.

માર્કેટયાર્ડો કપાસ અને મગફળીના પાકથી ઉભરાયા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના માર્કેટયાર્ડોમાં મગફળી અને કપાસની આવક વધવા પામી છે. માણસા માર્કેટ યાર્ડમાં આજે એક જ દિવસમાં મગફળીની ૧૧૭૦ બોરી અને કપાસની ૩૯૨૦ બોરીની આવક થઈ છે. દહેગામ માર્કેટ યાર્ડમાં પણ મગફળી અને કપાસની આવક વધી જવા પામી છે.

જિલ્લામાં મગફળીનું આ વખતે વિક્રમી વાવેતર થયુ હતુ. જિલ્લામાં ૫૫૦૦ ખેડૂતોએ તો મગફળીનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે રજીસ્ટ્રેશન પણ કરાવ્યુ છે.

છેલ્લા બે દિવસમાં જ બે હજારથી વધુ બોરી મગફળીની આવક નોંધાઈ છે. કપાસના ભાવ પણ આ વખતે છેલ્લા થોડાક દિવસથી ઉંચકાયા છે. આજે કપાસના ભાવ ૭૫૦ થી શરૂ થઈ ૧૦૫૪ રૂ. સુધી ગયા હતા અર્થાત્ સરેરાશ ભાવ ૧૦૩૫ રૂ. થાય.

આજ પ્રમાણે મગફળીનો ભાવ પણ ૯૭૦ થી શરૂ થઈ અને ૧૦૭૭ સુધી પહોંચ્યો હતો. સરેરાશ ભાવ ૧૦૦૦ રૂ. જેટલો થવા જાય છે. જેમ જેમ દિપાવલી પર્વ નજીક આવશે તેમ તેમ આ બન્ને પાકમાં આવક સારી થશે તેમ મનાઈ રહ્યુ છે.

પોલીસ સંભારણા દિન નિમિત્તે પ્રદિપસિંહ જાડેજાએ વીરજવાનોને પુષ્પાજંલિ અર્પણ કરી સલામી આપી

ગાંધીનગર, તા. ૨૧

દેશમાં આંતરિક શાંતિ, સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવામાં પોલીસની ભૂમિકા ખૂબ મહત્વની છે. કયારેક ફરજ દરમ્યાન પોલીસ અને પેરા મિલીટરી ફોર્સના જવાનો પોતાના પ્રાણ ન્યોછાવર કરતાં હોય છે. આવા શહીદ થયેલા પોલીસ કર્મીઓને ગાંધીનગર નજીક ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે યોજાયેલ પોલીસ સંભારણા (શહિદ) દિને શ્રધ્ધા સુમન અર્પણ કરવાના સમારંભમાં વીર પોલીસ જવાનોને શ્રધ્ધાજંલિ અને સલામી આપીને ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે આપણો દેશમાં લોકશાહી છે. લોકશાહીમાં પ્રજાની સુરક્ષા-રક્ષા કરવાની જવાબદારીને સરકાર પ્રથમ પ્રાધાન્ય આપે છે. આપણા દેશમાં આંતરિક સુરક્ષા-શાંતિ, સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાની જવાબદારી પોલીસ પર રહેલી છે. જવાબદારી અને નિષ્ઠાથી ફરજ બજાવતા પોલીસ કર્મીઓને ફરજ દરમ્યાન કયારેક પોતાના પ્રાણ પણ ગુમાવવા પડે છે. ખાખીના જતન, ખુમારી અને આંતરિક રક્ષણ માટે પ્રાણની આહુતિ આપેલ પોલીસ જવાનોને શ્રધ્ધાજંલિ અર્પણ કરવા આજે સમગ્ર દેશમાં પોલીસ સંભારણા (શહિદ) દિનની ઉજવણી કરવામાં આવી રહી છે. તેવું કહી વીરગતિ પામનાર સર્વે પોલીસ જવાનોને તેમણે શ્રધ્ધાજંલિ અર્પણ કરી હતી.

ગૃહ રાજય મંત્રીએ પોલીસે કોરોના મહાબિમારીમાં કોરોના વોરિયર્સ તરીકે પોતાની ફરજ પણ ખૂબ જ નિષ્ઠાથી અદા કરી રહી છે. આ ફરજના કારણે આજે નાગરિકો માન-સન્માન સાથે સલામી આપી રહ્યા છે. પોલીસની ફરજોને પણ બિરદાવી છે. કોરોના મહાબિમારીમાં પણ અનેક પોલીસ જવાનોએ પોતાના જીવ ગુમાવ્યા છે. તેવા પોલીસ જવાનોને પણ સલામી આપીને શ્રધ્ધાજંલિ આપી હતી.

નવેમ્બરમાં સાયન્સ ઓલમ્પિયાડની ઓનલાઈન પરીક્ષા યોજાશે

ગત વર્ષે ગાંધીનગરથી લગભગ ૨૧૦૦૦ વિદ્યાર્થીઓએ એસઓએફ ઓલિમ્પિયાડ પરીક્ષા આપી હતી

ગાંધીનગર, તા. ૨૧

સાયન્સ ઓલિમ્પિયાડ ફાઉન્ડેશન (એસઓએફ), શાળાના વિદ્યાર્થીઓ માટે ઓલિમ્પિયાડ પરીક્ષાના સૌથી મોટા આયોજકે જાહેરાત કરી છે કે ઓલિમ્પિયાડ પરીક્ષાઓ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન ઓનલાઈન લેવામાં આવશે.

એસઓએફ આ વર્ષે ચાર ઓલિમ્પિયાદ પરીક્ષાઓ લેશે, જેમાં એસઓએફ ઈન્ટરનેશનલ જનરલ નોલેજ ઓલિમ્પિયાડ, એસઓફ ઈન્ટરનેશનલ ઇંગ્લિશ ઓલિમ્પિયાડ, એસઓફ નેશનલ સાયન્સ ઓલિમ્પિયાડ અને એસઓએફ ઈન્ટરનેશનલ મેથેમેટિક્સ ઓલિમ્પિયાડનો સમાવેશ થાય છે. નોંધણી ખુલ્લી છે અને વિદ્યાર્થીઓ એસઓએફ વેબસાઈટ પર દરેક તારીખના ૧૫ દિવસ પહેલા નોંધણી કરાવી શકે છે પરીક્ષાઓ નવેમ્બરથી શરૂ થશે.

સાયન્સ ઓલિમ્પિયાડ ફાઉન્ડેશનના સ્થાપક નિયામક મહાબીરસિંહે જણાવ્યું હતું કે એસઓએફ ઓનલાઈન પરીક્ષાઓ યોજવા માટે અગ્રણી આંતરરાષ્ટ્રીય સંસ્થા સાથે ભાગીદારી કરી છે અને ઉમેર્યું હતું કે, પરીક્ષાની અખંડિતતાને સુનિશ્ચિત કરવા માટે કૃત્રિમ બુદ્ધિ, રીમોટ પ્રોક્ટોરિંગ, વિડીયો રેકોર્ડિંગ અને અન્ય વિવિધ ઉપકરણોનો વ્યાપક ઉપયોગ કરવામાં આવશે. તેમણે એમ પણ માહિતી આપી હતી કે ૨૦૧૯-૨૦ દરમિયાન ૬ ઓલિમ્પિયાડ પરીક્ષા માટે નોંધાયેલા ૩૨ દેશોના ૫૬૦૦૦ થી વધુ શાળાઓ અને લાખો વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. એસઓફ આંતરરાષ્ટ્રીય સ્તરે વિજેતા શાળાઓ અને વિદ્યાર્થીઓને પુરસ્કારો અને શિષ્યવૃત્તિ પ્રદાન કરે છે.

જીઆઈએસએફએસના કર્મચારીઓના પગારમાંથી યુનિફોર્મ એલાઉન્સની કપાત કરવામાં આવતી નથી : સુધીર સિન્હા

ઓક્ટોબર-૨૦૨૦ સુધીમાં કર્મચારીઓને નવા યુનિફોર્મ મળશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિકયુરીટી ફોર્સ સોસાયટીના મુખ્ય કારોબારી અધિકારી સુધીર સિન્હાએ જણાવ્યું છે કે જીઆઈએસએફએસના કર્મચારીઓના પગારમાંથી યુનિફોર્મ એલાઉન્સની કપાત કરવામાં આવતી નથી પરંતુ જીઆઈએસએફએસની સેવા લેતી સંસ્થાઓ પાસેથી કર્મચારીઓને જે યુનિફોર્મ આપવાના થાય તે હેતુસર નાણાં લઈ એમાંથી કર્મચારીઓને યુનિફોર્મ ફાળવવામાં આવે છે.

ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિકયુરીટી ફોર્સ સોસાયટીની યાદીમાં જણાવ્યાનુસાર વર્ષ ૨૦૧૬માં યુનિફોર્મની ખરીદી પ્રક્રિયા પૂર્ણ ન થવાના કારણે કર્મચારીઓને યુનિફોર્મ આપી શકાયા ન હતા. આ યુનિફોર્મ પેટેની બચત રકમ સંસ્થા દ્વારા બેંકમાં ફિક્સ ડિપોઝિટ કરવામાં આવી છે. આ ફિક્સ ડિપોઝિટનો ઉપયોગ સંસ્થા દ્વારા કર્મચારીઓના લાભ અર્થે તથા સંસ્થાની આકસ્મિક જવાબદારીને પહોંચી વળવા માટે કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭ અને વર્ષ ૨૦૧૮માં સંસ્થા તરફથી કર્મચારીઓને યુનિફોર્મ ફાળવવામાં આવ્યા હતા તથા વર્ષ ૨૦૧૯માં કર્મચારીઓને જે યુનિફોર્મ આપવાના હતા તે કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે સમયસર આપી શકાયા ન હતા. આ યુનિફોર્મની ખરીદ પ્રક્રિયા પ્રગતિ હેઠળ હોઈ ઑક્ટોબર-૨૦૨૦ના અંત સુધીમાં કર્મચારીઓને નવા યુનિફોર્મ મળશે. વર્ષ ૨૦૧૯ની યુનિફોર્મની ખરીદ પ્રક્રિયા પૂર્ણ થતાં જ વર્ષ ૨૦૨૦ની યુનિફોર્મની ખરીદ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિકયુરીટી ફોર્સ સોસાયટી અમદાવાદની યાદીમાં વધુમાં જણાવાયુ છે.

ગાંધીનગર સે. ૧૫ માં આવેલ સરકારી વાણિજ્ય કોલેજના કેમ્પસમાં આજે કોબ્રાએ દેખા દીધી હતી. આ અંગેની જાણ આચાર્ય ડૉ. સુતરિયાને થતાં જ તેમણે વન વિભાગનો સંપર્ક કરી અને સ્નેક કેચર રાધે પ્રજાપતિ ત્યાં દોડી ગયા હતા. તેમણે ગણતરીની મિનિટોમાં જ ૪.૫ ફૂટ લાંબો કોબ્રા જબ્બે કરી અને કોથળામાં પુરી લઈ ગયા હતા. છેલ્લા થોડાક દિવસથી ગાંધીનગર શહેરમાં સરી સર્પ મોટી સંખ્યામાં બહાર નીકળી રહ્યા હોવાથી નગરજનોમાં પણ ભયની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે. આજે કોલેજ કેમ્પસમાંથી મળેલા કોબરામાં સ્ટાફે અને અને આચાર્યએ દાખવેલી સતર્કતાને લોકોએ આવકારી છે.

સેકટર-૧૬ કેનેરા બેંકના એટીએમમાં ચોરીના પ્રયાસને પગલે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ સ્થિત આવેલી કેનેરા બેંકના એટીએમમાં છેડછાડ અને ચોરીના પ્રસાયને પગલે બેંક મેનેજરે ફરીયાદ નોધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કેનેરા બેંક મેનેજર અરવિંદ કુમાર બ્રહ્મદેવ પ્રસાદએ ફરીયાદ મુજબ ગત તા.૨ ઓકટોબરના રોજ સવારે સવાદસ વાગ્યે એક યુવક અને બાર વાગ્યાના અરસામાં બે યુવકો આવ્યા હતા. ત્યારબાદ તા.૪ ઓકટોબરના રોજ સવારે ૧૦ વાગે એક યુવક આવન જાવન કરતો હતો. ત્યારપછી આ યુવક બીજા મિત્રને લઈને સાંજના સાડા પાંચ વાગે આવ્યો હતો.

આ શખ્સોએ મસીન સાથે છેડછાડ કરીને રૂપીયા નીકાળવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા. જયારે સવા છ વાગ્યાના અરસામાં એક યુવક એટીએમમાં છેડછાડ કરતો દેખાઈ રહ્યો છે. ત્યારબાદ તા.૫ ઓકટોબરના રોજ રાત્રીના સાડાઆઠ વાગ્યાના અરસામાં એક યુવક એટીએમ તોડવાનો પ્રયાસ કર્યા છે. જયારે સાડા નવ વાગે બીજા બે શખ્સો ફરી મશીન સાથે છેડછાડ કરી હતી. જયારે બીજા દિવસે એટલે કે તા.૬ ના રોજ કેનેરા બેંકના મેનેજરે હેડ ઓફિસ જાણ કરી હતી. ત્યારબાદ ઉચ્ચકક્ષાએથી કહેવાતા બેંક મેનેજર દ્વારા ફરીયાદ નોંધાવવામાં આવી છે.

ઈ-પેમેન્ટથી ૪.૭૬ લાખ દસ્તાવેજની નોંધણી થઈ

૨૪ એપ્રિલ ૨૦૨૦થી દસ્તાવેજ નોંધણી માટે ફીની ચુકવણી ઇ-પેમેન્ટથી કરવા, અપોઇન્ટમેન્ટ મેળવવાની પ્રક્રિયા કાર્યરત

ગાંધીનગર,તા.૨૧

વૈશ્વિક કોરોના મહામારીના સમયમાં રાજ્યમાં કોરોના સંક્રમણ અટકે તથા દસ્તાવેજ નોંધણીને સંલગ્ન પ્રક્રિયા પણ કાર્યરત રહે તેને ધ્યાનમાં લઈને નોંધણી ફીની ફરજીયાત ઈ-પેમેન્ટથી ચુકવણી કરવા તથા દસ્તાવેજ નોંધણી માટે ફરજીયાત અપોઈન્ટમેન્ટ મેળવવાની જોગવાઈ કરવામાં આવી હતી. જે અંતર્ગત છેલ્લા છ માસમાં રાજ્યામાં દસ્તાવેજ નોંધણીની ઈ-પેમેન્ટ વ્યવસ્થા થકી૪.૭૬ લાખ દસ્તાવેજની નોંધણી કરવામાં આવી છે તેમ નોંધણી નિરીક્ષક કચેરીની યાદીમાં જણાવાયું છે. નોંધણી નિરીક્ષક કચેરીના તાબા હેઠળ કાર્યરત સબ રજીસ્ટ્રાર કચેરીઓ દ્વારા દસ્તાવેજોની નોંધણીને સંલગ્ન કામગીરી કરવામાં આવે છે.

તા. ૨૪ એપ્રિલ ૨૦૨૦ થી દસ્તાવેજ નોંધણી માટે નોંધણી ફીની ચુકવણી ઈ-પેમેન્ટથી કરવા અને અપોઈન્ટમેન્ટ મેળવવાની પ્રક્રિયા કાર્યરત છે. આ દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા એકદમ સરળાતાથી કામ કરે છે. આ પ્રક્રિયા દરમિયાન અરજદારને હાલાકી ન પડે તે માટે egaravi.gujarat.gov.in વેબસાઈટ પર "માર્ગદર્શિકા" મુકવામાં આવી છે.જો કોઈ અરજદારને દસ્તાવેજ નોંધણી અંગે મુશકેલી કે પ્રશ્ન હોય તો જીલ્લાના નોંધણી નિરીક્ષકશ્રીને અથવા રાજયની વડી કચેરીના મદદનીશ નોંધણી સર નિરીક્ષકશ્રીનો સંપર્ક કરી શકે છે.યાદીમાં વિશેષમાં જણાવાયું છે કે, તા. ૨૪ એપ્રિલ ૨૦૨૦ થી ૨૦ ઓક્ટોબર ૨૦૨૦ સુધી ગરવી વેબસાઈટ મારફતે ૪,૭૬,૦૫૪ દસ્તાવેજોનોંધાયા છે તથારૂપિયા ૭૭૩.૬૩ કરોડની આવક થઈ છે.

આ તમામ નોંધણી ફીનું સફળતાપૂર્વક ઓનલાઈન પેમેન્ટ થયું છે. આ છ મહિનાના સમયગાળામાં જે તે અરજદારની વ્યક્તિગત ભુલ, મિલકતની લે-વેચના નિર્ણયમાં થયેલ ફેરફાર અને સિસ્ટમને કારણે થયેલ ભુલને કારણેમાત્ર ૫૪૮ કિસ્સામાં જ નોંધણી અને સ્ટેમ્પડ્યુટી રીફંડના કિસ્સા ઉદભવ્યા છે. જે ૪,૭૬,૦૫૪ લાખ સફળ ટ્રાન્ઝેકશનના પ્રમાણમાં ખૂબ જ ઓછુ અવગણી શકાય એટલું ૦.૧૧% છે તેમ નોંધણી સર નિરીક્ષક કચેરીની યાદીમાં વધુમાં જણાવાયું છે.

પોલીસ સ્મારક દિને બીએસએફની શહીદોને શ્રદ્ધાંજલિ

પોલીસ સ્મારક દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયર એકમ દ્વારા આઈજી જી.એસ. મલિકની ઉપસ્થિતિમાં શહીદોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. વર્ષ ૧૯૫૯માં તા. ઓક્ટોબરે લદાખ ખાતે કરમસીંઘના નેતૃત્વ હેઠળ સીઆરપીએફના ૨૦ જવાનોની ટુકડીની ચીન સૈન્ય સાથેની મુઠભેડમાં ૧૦ જવાનો શહીદ થયા હતા અને સાતને ચાઈનીઝ આર્મીએ બંદી બનાવ્યા હતા. આ ઘટનાની સ્મૃતિમાં તા. ૨૧મી ઓક્ટોબરે પોલીસ સ્મારક દિવસની ઉજવણી કરવામાં આવે છે. બીએસએફ દ્વારા આ પ્રસંગે સીઆરપીએફના શહીદ જવાનોને પુષ્પાંજલિ સાથે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને તેમની બહાદુરીની યાદ તાજી કરવામાં આવી હતી.

કોંગ્રેસ દ્વારા વિશ્વાસઘાત સામે આક્રમક પ્રચાર કરાયો

અમદાવાદ, તા.૨૧

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી આઠ સીટોને લઈને યોજાવા જઈ રહેલી પેટાચૂંટણીમાં હવે બરાબરનો ચૂંટણીનો રંગ જામ્યો છે. ભાજપ અને કોંગ્રેસમાં નેતાઓ પ્રચંડ પ્રચાર કરી રહ્યા છે. ત્યારે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસે પેટાચૂંટણીમાં નવું ચૂંટણી કેમ્પેઈન શરૂ કર્યું છે. ગુજરાતનું નવું ચૂંટણી કેમ્પેઈન 'વિશ્વાસઘાત' નામથી શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત કોંગ્રેસે કેમપેઇનમાં હવે ગુજરાત નહિ સાંખે વિશ્વાસઘાત, ગુજરાતીઓની એક જ વાત વિશ્વાસઘાતીઓને આપશે માત, સૂત્ર લખવામાં આવ્યું છે. ગુજરાત કોંગ્રેસે નવું ચૂંટણી કેમ્પેઈન પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ ચાલુ કર્યું છે. કોંગ્રેસના બાગી ઉમેદવારો સામે કોંગ્રેસ વધુ એક લડાઈ ઓનલાઈન લડશે. ગુજરાતના ૬.૫ કરોડના મનમા એક જ સવાલ છે કે, પેટાચૂંટણી કેમ આવી? ભ્રષ્ટાચારથી ભેગા કરેલ રૂપિયાથી ભાજપે ધારાસભ્યોને ખરીદ્યા છે અને લોકો સાથે વિશ્વાસઘાત કર્યો છે.

બીજી બાજુ અમદાવાદ શહેર કોંગ્રેસના વિવાદનો મુદ્દો પણ બરાબરનો ગરમાયો છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે, અમારામાં કકળાટ નથી. ટૂંક સમયમાં નવા વિપક્ષ નેતા આવશે. દિનેશ શર્માએ અંગત કારણોસર રાજીનામું આપ્યું હોવાનું રટણ અમિત ચાવડા કરી રહ્યા છે.

અમદાવાદ શહેર કોંગ્રેસમાં ચાલતા વિવાદને અમિત ચાવડાએ મોટું નિવેદન આપીને શાંત પાડવાની કોશિશ કરી છે. તેમણે જણાવ્યું કે શહેર કોંગ્રેસમાં કકળાટનો કોઈ મુદ્દો નથી. દિનેશ શર્માએ રાજીખુશીથી અંગત કારણોસર રાજીનામુ આપ્યું છે. તે ઘરમેડે સમાધાન થશે.

પેથાપુરમાંથી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

આઈપીએલની ચાલી રહેલી મેચ પર ક્રિકેટનો સટ્ટો રમતા એક યુવકને પેથાપુર પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે યુવક પાસેથી મોબાઈલ અને રોકડ ૪૬૦ મળી કુલ ૧૦,૪૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પેથાપુર પોલીસના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે શ્રીનાથ સોસાયટી પાસેથી હાર્દિક અશોકભાઈ ઠક્કર ને પકડી પાડ્યો હતો.યુવકનો ફોન ચેક કરતા તે એપ્લિકેશન દ્વારા આઈપીએલની મેચ પર સટ્ટો રમતો હોવાનું બહાર આવ્યું હતું. આઈડી તેને પાટણના રાઘવ ભરત ઠકકરે આપ્યું હોવાનું તેને કબુલાત કરી છે. પોલીસે રૂ.૧૦ હજારનો મોબાઈળ અને રૂ.૪૬૦ રૂપીયા રોકડા જપ્ત કર્યા હતા. પોલીસે બંન્ને સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.